Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

યુનિવર્સિટી સંલગ્ન મેડિકલ, હોમિયોપેથિક, નર્સિંગ,ફિઝિયોથેરાપી, એલએલ.બી. અભ્યાસક્રમ ચલાવતા કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી સંલગ્ન જે તે કોલેજોમાં ચાલતા અભ્યાસક્રમોમાં Apex Body/Council ના ધારાધોરણો મુજબ દર વર્ષે પ્રવેશના હેતુસર પ્રવેશ બેઠકોની મંજૂરી જે તે શરતોની પૂર્તતા કરવાની શરતે આપવામાં આવે છે. યુનિવર્સિટી સત્તામંડળ દ્વારા આવી કોલેજોને જોડાણની મંજૂરી આપવામાં આવેલ હોય તે જોતા Apex Body/Council દ્વારા કોલેજોને આપવામાં આવતી પ્રવેશ બેઠકોની મંજૂરીને આધારે પ્રવેશ ફાળવણી માટે યુનિવર્સિટી દ્વારા પ્રવેશ સમિતિને જાણ કરવામાં આવે તે સમય દરમિયાન કોલેજોને Apex Body/Council ના મંજૂરી પત્રોમાં જણાવેલ શરતોની પૂર્તતા કરવા માટે રૂ.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર બાહેંધરી આપવા તથા કોલેજે Apex Body/ Council ની શરતોની પૂર્તતા કર્યાનો જે જવાબ આપે તેની નકલ / જાણ યુનિવર્સિટીને કરવા બાબતે એકેડેમિક કાઉન્સિલની તા.૯–૦૭–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંક: (૬૨) અન્વયે, એકઝીકયુટીવ કાઉન્સિલને કરેલ ભલામણને એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૧૬–૦૭–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૮) થી બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણ પર બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૩–૭–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંક: (૧૯) થી ભલામણનો સ્વીકાર કરેલ છે. જેથી સત્તામંડળના ઠરાવ્યાનુસાર કોલેજમાં ચાલતા અભ્યાસક્રમોની પ્રવેશ બેઠકોની Apex Body/Council ના મંજૂરી પત્રોમાં જણાવેલ જે તે શરતોની પૂર્તતા અંગેની બાંહેધરી રૂ.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર પર (નોટોરાઈઝડ) કરી યુનિવર્સિટીનાં જોડાણ વિભાગમાં દિન–૭ માં જમા કરાવવા તથા Apex Body/Council ના મંજૂરી પત્રોમાં જણાવેલ શરતોની પૂર્તતા કર્યેથી તેની એક નકલ યુનિવર્સિટી કાર્યાલયના જોડાણ વિભાગમાં જમા કરાવવાની કાર્યવાહીનો અમલ દરેક શૈક્ષણિક વર્ષ માટે કરવા આથી જાણ કરવામાં આવે છે.

આથી જાણ કરવામાં આવે છે.

ક્રમાંકઃ જોડાણ/૨૦૨૧૨ /૨૦૨૫
તા.૩૧–૦૭–૨૦૨૫

**કુલસચિવ**

નકલ રવાના પ્રતિ : **જાણ તથા ઘટતી કાર્યવાહી માટે**

(૧) યુનિવર્સિટી સંલગ્ન મેડિકલ., બેચલર ફિઝિયોથેરાપી, બી.એસસી.(નર્સિંગ), હોમિયોપેથિક , એલએલ.બી. અભ્યાસક્રમોનું સંચાલન કરતી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ડીનશ્રીઓ/ આચાર્યશ્રી.....

(૨) ઈ.ચા.નાયબ કુલસચિવશ્રી, એકેડમિક વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.